INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯

website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

અખબારી યાદી　　　　　　　　　　　　　　　　　　　　　　　તા. ૬-૧૦-૨૦૨૩

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના પૂર્વ પ્રમુખશ્રી આદરણીય રાહુલ ગાંધીને પોસ્ટરમાં વિકૃત દર્શાવતી ભાજપની હિંસક માનસિકતા પર આકરા પ્રહાર કરતા ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉપનેતાશ્રી શૈલેષ પરમારે જણાવ્યું હતું કે આદરણીય રાહુલ ગાંધીનું વિકૃત પોસ્ટર બનાવી અપપ્રચાર કરવા બદલ અને ભાજપની વિકૃત માનસિકતાને ઉજાગર કરવા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખશ્રી શક્તિસિંહજી ગોહીલના આદેશ અનુસાર કોચરબ આશ્રમ ખાતે વિરોધ પ્રદર્શનનો કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આદરણીય રાહુલ ગાંધીજીએ ૪ હજાર કિમીની પદયાત્રા કરી "નફરત છોડો ભારત જોડો" ના સુંદર વિચાર સાથે ભારતને જોડવા પ્રયાસ કર્યો તેની વિરુદ્ધ આ પ્રકારના કુપ્રચારથી ભાજપે પોતાના સંસ્કારો છતા કર્યા છે. અમારો વિરોધ વ્યક્તિ માટે નહીં પણ ભાજપની વિચારધારા સામે છે. દેશવ્યાપી INDIA ગઠબંધન અને "જુડેગા ભારત જીતેગા ઈન્ડિયા" નારાથી ભાજપ ડરી ગઈ છે. આગામી લોકસભાની ચૂંટણીમાં ભાજપનો સફાયો થવાનો છે ત્યારે નવો વિવાદ કરવા ભાજપ આવી હરકતો કરી રહી છે

ભાજપના સત્તાવાર હેન્ડલ પર આદરણીય રાહુલ ગાંધીજીને જાણી જોઈને વિકૃત માનસિકતાથી પોસ્ટરમાં રજુ કરવાનો અસલી ઈરાદો શું હતો? ભાજપની નીતિ-રીતિ અને નિયત ભાગલા પાડો નફરત ફેલાવો અને રાજ કરોની રહી છે. ત્યારે કોંગ્રેસના સાંસદ અને પક્ષના ભૂતપૂર્વ પ્રમુખશ્રી રાહુલ ગાંધી સામે હિંસા ભડકાવવા અને ઉશ્કેરવાનો ઇરાદો હોય તેમ સ્પષ્ટ જણાય છે. દેશમાં ભાગલા પાડવા માંગતી શક્તિઓ વિરૂધ્ધ રાહુલજીના પિતા સ્વ. રાજીવજી અને દાદી સ્વ. ઈન્દિરાજીએ ભારતની એકતા અને અખંડિતતા માટે પોતાની જાન ન્યોછાવર કરી હતી. ભાજપ પેથોલોજીકલ જૂઠ્ઠાણા અને નાર્સિસ્ટિક પર્સનાલિટી ડિસઓર્ડરથી પીડાય રહી છે તેનો આ પુરાવો છે. વર્ષ 1945માં પણ કાર્ટૂન અગ્રણી મેગેઝીનમાં પૂજ્ય મહાત્મા ગાંધીજીને પણ આવી જ વિકૃત રીતે દર્શાવાયા હતા. કે જેના સંપાદક નાથુરામ ગોડસે હતા. પૂજ્ય મહાત્મા ગાંધી અને કોંગ્રેસ હંમેશા ભાજપ-આર.એસ.એસ.ના નિશાના પર રહ્યા છે, પરંતુ તેઓ ન તો ત્યારે ડરતા હતા, ન આજે ડરતા હતા અને ન તો ભવિષ્યમાં ડરવાના છીએ.

કોચરબ આશ્રમ ખાતે વિરોધ પ્રદર્શનમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખશ્રી ઈન્દ્રવિજયસિંહ ગોહિલ, ઉપપ્રમુખશ્રી બીમલ શાહ, શ્રી અશોક પંજાબી, એ.આઈ.સી.સી. સહમંત્રીશ્રી લાલાભાઈ પટેલ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રીશ્રી બળદેવ લુણી, શ્રી રાજુભાઈ બ્રહ્મભટ્ટ, પ્રદેશ મીડીયા કોકન્વીનર અને પ્રવક્તાશ્રી હેમાંગ રાવલ, પ્રવક્તાશ્રી પ્રગતિ આહિર, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ ઓ.બી.સી. સેલના ચેરમેનશ્રી ઘનશ્યામ ગઢવી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ એસ.સી. સેલના ચેરમેનશ્રી હિતેન્દ્ર પીઠડીયા, અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના નેતાશ્રી શેહઝાદખાન પઠાણ, યુથ કોંગ્રેસ, મહિલા કોંગ્રેસ, એન.એસ.યુ.આઈ. ના કાર્યકર્તા-આગેવાનશ્રીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ભાજપની હિંસક માનસિકતા સામે આક્રમક દેખાવો કર્યા હતા. પોલીસ સાથે ઘર્ષણ બાદ તેઓની અટકાયત થઈ હતી.

હિરેન બેંકર

(હિરેન બેંકર)

પ્રવક્તા